# કાર્યપાલક ઈજનેર
# પંચાયત મા અને મ વિભાગ – ગીર સોમનાથ

## ઓન લાઈન ભાવ ભરવા સબંધિત શરતો

૧ ભાવ પત્રક સાથે બાનાની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપીયા એક લાખની એફડીઆર ૧૨ (બાર) માસની કાર્યપાલક ઈજનેર પંચાયત મા અને મ વિભાગ, ગીર સોમનાથ ની અથવા બાનામુકિત સામેલ રાખવાની રહેશે.

૨. ટેન્ડર ફી રૂા.૩૬૦૦/– નો ડી.ડી. કાર્યપાલક ઈજનેર પંચાયત મા અને મ વિભાગ, ગીર સોમનાથનો રજુ કરવાનો રહેશે.

૩. નિયત ભાવ સીવાયના ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી. ભાવ ટકાવારીમાં ભરવાના રહેશે.

૪. આ કામની અનુસુચિમાં જણાવવામાં બાબતોની કામગીરી જરૂરીયાતને આધિન કરાવવામાં આવશે. આ બાબતે કોઈ વિવાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહી. બધા જ ભાવ મંજુર / નામંજુર કરવાની સતા કાર્યપાલક ઈજનેરશ્રીને સબંધીત છે.

૫. આ ભાવમાં જણાવેલ બાબતો મુખ્યત્વે આ વિભાગ હેઠળના કાર્યક્ષેત્રમાં ઉપયોગમાં લેવા માટે વાર્ષિક ધોરણે મંગાવવામાં આવે છે. મંજુર કરવામા આવેલ ભાવની સમયોચિત મુદત વધારવા કે ઘટાડવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય અંતિમ અને આખરી રહેશે.

૬. ગમે તે કારણોસર નિયત સમય બાદ કે બાનાની રકમ સિવાયના અને શરતો ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી.

૭. આવેલ ભાવો ભાવ ખોલવાની તારીખથી ૧૨૦ દિવસ સુધી માન્ય ગણવામાં આવશે. ભાવો ભરનારના દિવસો પહેલા ઓફર પરત ખેચી શકાશે નહી.

૮. સરકારશ્રીના વખતો વખતના નિયમો ભાવ ભરનાર ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે.

૯. કોન્ટ્રાકટરશ્રીએ ના.કા.ઈશ્રીની સુચના મુજબ મ.ઈ / અ.મ.ઈ શ્રીની દેખરેખ હેઠળ કામગીરી કરવાની રહેશે.

૧૦. ગુજરાત સરકાર દ્રારા માન્યતા ધરાવતા સ્પે.કેટેગરી–૩ અને ઉપરની રોડ કેટેગરી ધરાવતા ઈજારદારો પાસેથી માંગવામાં આવે છે. તેમજ ઈ–ટેન્ડરીગ ભરતી વખતે ઓન લાઈન ઈલેકટ્રોનીક ફોરમેટમાં (૧)નોંધણી પ્રમાણપત્ર રજી. (૨)સ્પે.કેટેગરી–૩ અને ઉપરની રોડ કેટેગરી (૩)ચાલુ વર્ષની બેન્ક સોલવંશી સર્ટી. (૪)ભાગીદારી દસ્તાવેજ (૫)પેવર પ્લાન્ટ તપાસણીનું સર્ટી.(ડીએમપી) (૬)પાન કાર્ડ (૭)ઈએમડી પેટે એફડીઆર છ માસની અથવા બાના મુકિત પ્રમાણપત્ર (૮)ટેન્ડર ફી રૂા.૩૬૦૦/– પેટે

ડીડી (૯)જીએસટી રજી. તમામ ડોકયુમેન્ટ સ્કેન કરી ઓન લાઈન ભરવાના રહેશે. અન્યથા માન્ય રહેશે નહી.

૧૧. કામોના જથ્થો, ગુણવતા અને જરૂરીયાત અંગે કોઈ પણ તકરાર કે ગુચવણ ઉભી થયે કાર્યપાલક ઈજનેર પંચાયત મા અને મ વિભાગ, જુનાગઢ નો નિર્ણય આખરી અને અંતિમ રહેશે. અને ઠેકેદારનાં બંધનકર્તા રહેશે. નિયત સમય મર્યાદામાં પુરા ન કરેલ કામ બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર સક્ષમ અધિકારી દંડની જે રકમ નકકી કરે તે ઠેકેદારના બીલમાંથી કપાત કરવાની રહેશે.

૧૨. આ ટેન્ડર રોડ કેટેગરી તેમજ પેવર પ્લાન્ટ ધરાવતા ઠેકેદારોને આ ટેન્ડર ઓન લાઈન માંગવામાં આવે છે.

૧૩. કામમાં વાપરવાનો થતો માલ સામાન સક્ષમ અધિકારીશ્રી પાસે મંજુર કરાવ્યા બાદ જ ઉપયોગમાં લેવાનો રહેશે.

૧૪. ભાવો ભરનાર એજન્સી દ્રારા અસાધારણ નીચા ભાવો ભરવામાં આવશે તો તે મંજુર કરવામાં આવશે નહી. અને આવા ઈજારદારશ્રી પાસેથી જામીન અનામત જપ્ત કરવામાં આવશે.

૧૫. આ કામની અનુસુચિતમાં જણાવેલ તમામ બાબતો વાંચી સમજી છે. અને તે મુજબ ભાવો ભરવાના રહેશે.

૧૭. શરતી ભાવો સ્વીકારવામાં આવશે નહી.

કાર્યપાલક ઈજનેર
પંચાયત મા અને મ વિભાગ
ગીર સોમનાથ